## રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત

## જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૨૫ અન્વયે જુનીયર કલાર્કની ભરતીમાં સ્પર્ધાત્મક પરીક્ષા

## (તબક્કો-૧ OMR ઓપ્ટીકલ માર્ક રીડીંગ) ને લગતી સુચનાઓ.

| | |
|---|---|
| ૧. | આ પરીક્ષામાં આપનો પ્રવેશ યુનિવર્સિટીની જાહેર ખબર અને તેને સબંધિત સુચનાઓને આધારે આપે ઓનલાઈન ભરેલ અરજી પત્રકમાંની વિગતો અને તે હેઠળના સોગંધનામાના આધિન રહીને આપવામાં આવે છે. |
| ૨. | પરીક્ષાર્થીને પ્રવેશપત્ર/હોલ ટીકીટ મળે કે તરત જ તેમાં દર્શાવેલી બાબતોની નોધ લેવી.<br>(૧) ઉમેદવારનું પુરેપુરૂ નામ<br>(૨) રોલ નંબર, નોધણી નંબર અને જન્મ તારીખ<br>(૩) પરીક્ષાનું શહેર, પરીક્ષાનું કેન્દ્ર, સરનામુ, શહેરનો કોડ, કેંદ્રનો કોડ<br>(૪) પરીક્ષાની તારીખ અને સમય |
| ૩. | પરીક્ષાના સમય કરતા ૨.૦૦ ( બે ) કલાક પહેલા ઉમેદવારે પરીક્ષાના સ્થળે હાજર થવાનું રહેશે. દરવાજો બંધ કર્યા બાદ કોઇપણ પરીસ્થિતિમાં ઉમેદવારને પરીક્ષા કેન્દ્રમાં દાખલ થવાની પરવાનગી આપવામાં આવશે નહી. |
| ૪. | જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની જરૂરી લાયકાતો પરિપૂર્ણ કરતા ન હોવ તો આપને આ પરીક્ષામાં નહી બેસવા સલાહ આપવામાં આવે છે. |
| ૫. | પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે આપે ડાઉનલોડ કરેલ Admit Card (પ્રવેશપત્ર) અચુક સાથે લાવવાનો રહેશે. અન્યથા પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. |
| ૬. | કૃપા કરીને Admit Card (પ્રવેશપત્ર) માં દર્શાવેલ જગ્યા ઉપર પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટોગ્રાફ (ઓનલાઈન અરજી ભરતી વખતે અપલોડ કરેલ ફોટા જેવો જ) ચોટાડી સાથે લાવવુ. ફોટા પાછળ પોતાનુ નામ તથા રોલ નંબર અવશ્ય લખવો. પ્રવેશ પત્ર પર ફોટોગ્રાફ વગરના ઉમેદવારને પરીક્ષામાં બેસવાની અનુમતિ આપવામાં આવશે નહી. |
| ૭. | Admit Card (પ્રવેશપત્ર) સાથે કોઈપણ એક અસલ ફોટો ઓળખપત્ર લાવવુ ફરજીયાત છે. જેમ કે પાનકાર્ડ/ પાસપોર્ટ /ડ્રાયવીંગ લાયસન્સ/મતદાર કાર્ડ/અસલ આધાર કાર્ડ .<br>ઓળખપત્ર વિના ઉમેદવારને પરીક્ષામાં બેસવાની અનુમતિ આપવામાં આવશે નહી. જો ઉમેદવારનુ ઓળખકાર્ડ શંકાસ્પદ જાણશે તો ઉમેદવારેને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. |
| ૮. | અસલ Admit Card (પ્રવેશપત્ર) વગરના ઉમેદવારને કોઈપણ પરિસ્થિતિમાં પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. ઉમેદવારે નિરિક્ષકની હાજરીમાં પ્રવેશપત્ર ઉપર આપવામાં આવેલ ઘોષણા પત્ર પર પોતાના હસ્તાક્ષર કરવા જરૂરી છે. ઉમેદવારોએ પોતાના Admit Card (પ્રવેશપત્ર) પરીક્ષા ખંડમાં નિરિક્ષકને સોપી દેવાના રહે છે. ઉમેદવારોને ભાવિ સંદર્ભ માટે પોતાના Admit Card (પ્રવેશપત્ર) ની એક નકલ રાખવાની સલાહ આપવામાં આવે છે. |
| ૯. | ઉમેદવારોને પરીક્ષા પૂર્ણ થયા પહેલા અને ઉત્તરવહી નિરિક્ષકને સોપ્યા વગર પરીક્ષા ખંડની બહાર જવાની અનુમતિ આપવામાં આવશે નહી. |
| ૧૦. | ઉમેદવારોએ પરીક્ષા માટે સારી ગુણવત્તાની કાળી બોલ પોઈન્ટ પેન સાથે લાવવાની રહેશે. પેન્સિલ, સ્કેચપેન અથવા જેલપેનના ઉપયોગ ઉપર સદંતર પ્રતિબંધ છે. |
| ૧૧. | ખોટા જવાબના કિસ્સામાં ઉમેદવારને ૦.૨૫ નકારાત્મક ગુણાંક આપવામાં આવશે. જવાબો બદલવા માટે વ્હાઈટનર/ઈરેઝર/બ્લેડનો ઉપયોગ કરવાની અનુમતિ આપવામાં આવતી નથી તેવા જવાબો માટે કોઈ ગુણાંક આપવામાં આવશે નહી. |
| ૧૨. | પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા પહેલા ઉમેદવાર વ્યાપક અને ફરજીયાત તપાસનીને આધિન રહેશે. |
| ૧૩. | ઉમેદવારોને કોઈપણ પરિસ્થિતિઓમાં પરીક્ષા કેન્દ્રની અંદર નીચેની વસ્તુઓ સાથે લઈ જવાની અનુમતિ આપવામાં આવતી નથી. |
| | |


| | | |
|---|---|---|
| | ૧ | કોઈપણ સ્ટેશનરીની વસ્તુઓ જેમ કે, લેખિત સામગ્રી ((મુદ્રિત અથવા લેખિત) કાગળની કાપલીઓ ભુમિતિ/પેન્સિલ બોક્ષ, પ્લાસ્ટીકનો બટવો, કેલ્ક્યુલેટર, રાઈટીંગ પેડ, પેન ડ્રાઈવ, ઈરેઝર, લોગ ટેબલ, ઈલેક્ટ્રીક પેન/સ્કેનર વગેરે. |
| | ૨ | કોઈપણ સંચારના ઉપકરણો જેવા કે, મોબાઈલ ફોન, કેમેરા, બ્લુટુથ, ઈયરફોન, માઈક્રોફોન પેજર, હેલ્થ બેન્ડ, વગેરે જેવી અન્ય કોઈ વસ્તુઓ જેનો ગેરરીતી માટે ઉપયોગ કરી શકાય |
| | ૩ | મોટી ઈયરરીંગો, મોટા હાર જેવા આભુષણો, પહેરવા નહી અને ચેન, પેન્ડન્ટ, બ્રુચ વગેરે જેવા ઘરેણા સાથે હોય તો તેઓને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહી. સ્માર્ટ વોચ, પાકીટ, ગોગલ્સ, હાથ થેલા, બકલ સાથેના બેલ્ટ, ટોપી વગેરે જેવી વસ્તુઓ. |
| | ૪ | કોઈપણ ખુલ્લી કે પેક કરેલી ખાદ્ય વસ્તુઓ, પાણીની બોટલ વગેરે. તેમજ કોઈપણ પ્રકારની ધાતુની વસ્તુઓ. |
| ૧૪. | જો કોઈપણ ઉમેદવાર પ્રતિબંધિત વસ્તુઓ સાથે પરીક્ષા કેન્દ્રની અંદર મળી આવશે તો તેને ગેરરીતી ગણવામાં આવશે અને પ્રાવધાનો સાથે તેવા ઉમેદવાર સામે પગલાઓ લેવામાં આવશે. | |
| ૧૫. | ઉમેદવારોની કોઈપણ વસ્તુઓ/સામાન રાખવા માટે કેન્દ્રો પર કોઈ વ્યવસ્થા કરવામાં આવશે નહી. | |
| ૧૬. | ગણવેશ : પરીક્ષામાં બેસતી વખતે ઉમેદવારોને નીચે મુજબના ગણવેશનુ પાલન કરવાની સુચના આપવામાં આવે છે. | |
| | ૧ | હળવા કપડા જેમ કે પાટલુન, સલવાર સુટ વગેરે જે મોટા બટનો, બ્રુચ/ફુલ વગેરે ન ધરાવતા હોય. |
| | ૨ | સ્લીપર, નીચી એડીના સેન્ડલ. |
| | ૩ | જુતા સાથે પ્રવેશની અનુમતિ નથી. |
| ૧૭. | ઉમેદવારોએ પ્રદાન કરેલી માહીતી અનુસાર ઉમેદવારોને હંગામી રીતે Admit Card (પ્રવેશપત્ર) જારી કરવામાં આવે છે. ઉમેદવારોની લાયકાતની ખરાઈ કરવામાં આવેલ નથી. નિમણૂંક પહેલા નિમણૂંકકર્તા અધિકારી તેની ખરાઈ કરશે. પરીક્ષા માટે લાયકાત મેળવવી ભરતી/નોકરી માટે કોઈ વ્યક્તિને અધિકાર આપતી નથી કારણ કે તે નિમણૂંક માટેની માત્ર એક પાત્રતા છે. | |
| ૧૮. | લેખિત પરીક્ષા માટે ઉમેદવારોએ સ્વખર્ચે આવવા-જવાનુ રહેશે તેને માટે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ તરફથી કોઈ ભાડા-ભથ્થું ચુકવવામાં આવશે નહી. | |

# કોલ લેટર ડાઉનલોડ કરવા માટે


1. નીચે આપેલ લિંક પર જઈ લોગીન કરવું:

   લિંક : https://apply.registernow.in/SAU/SAU2025/Account/Login

   - રજીસ્ટ્રેશન દરમિયાન ઈ-મેઈલમાં આપવામાં આવેલ ID અને Password દ્વારા લોગીન કરો. Password બદલેલ હોઈ તેવા કિસ્સામાં નવા Password થી લોગીન કરવું.




   - Download Admit Card પર ક્લિક કરો. ત્યારબાદ નવી વિન્ડો/પેજ માં Admit Card Generate થયેલ હશે તે Download કરવું. (Desktop/ Laptop માટે)




   - આમ છતાં, Login અથવા Admit Card મેળવવામાં કોઈપણ મુશ્કેલી હોઈ, તેવા કિસ્સામાં નીચે આપેલ Helpdesk E-Mail ID તથા Contact No. પર સંપર્ક કરવો. E-mail કરવા માટે ઉમેદવારે ફક્ત Registered E-mail ID નો જ ઉપયોગ કરવો.

## Helpdesk for Technical Support Details:

- Call : 08062675657
- Email : aid.exams@gmail.com

End